ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,**ભાવનગર.**
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૯૭/૨૨-૨૩/ 771 તારીખ : 19 APR 2023

**આર.પી.એ.ડી.**

પ્રતિ,

કેસ નં.૯૭/૨૨-૨૩

**શ્રી મયુરભાઈ છગનભાઈ ધામેલીયા,**
**નાગજીભાઈ વીરાભાઈ ધામેલીયા,**
**૪૦૨, ઈસ્કોન રેસીડન્સી,**
**રામચોક, લીબર્ટીની સામે, મોટા વરાછા,**
**સુરત-૩૯૪૧૦૧**

**મો.નં-૯૩૭૫૦ ૮૧૭૩૬/૯૫૭૪૨ ૦૨૨૭૫**

**વિષય : ખેતીવાડીનું કનેકશન ન મળવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૧૪/૦૨/૨૦૨૩ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૫/૦૨/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૭/૨૨-૨૩/e-૭૮૯૦૩ તા.૧૪/૦૩/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૯/૨૨-૨૩/e-૧૧૩૬૪૪ તા.૧૭/૦૩/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૦૩/૦૪/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **પાલીતાણા.**

***.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.***

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ત્રાપજ.**

**ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૯૭/૨૨–૨૩** ☜

વાદી :– **શ્રી મયુરભાઈ છગનભાઈ ધામેલીયા,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૦૩/૦૪/૨૦૨૩** ◈

હાજર રહયા :– **શ્રી મયુરભાઈ છગનભાઈ ધામેલીયા (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એસ.જી.ઠુમ્મર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, પાલીતાણા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી મયુરભાઈ વીરાભાઈ ધામેલીયા, મું.સુરતની ખેતીવાડીનું કનેકશન ન મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૯૭/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૭/૨૨–૨૩/e-૭૮૯૦૩ તા.૧૪/૦૩/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૦૩/૦૪/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી મયુરભાઈ વીરાભાઈ ધામેલીયા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એસ.જી.ઠુમ્મર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, પાલીતાણા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમારૂં ગામ રાજપરા–૨ માં ખેતીવાડીનું કનેકશન નામ નાગજીભાઈ વીરાભાઈ ધામેલીયા નામનું કનેકશન માંગેલ અને મંજૂર પણ થયેલ.

૧.૨ અમારી વાડીએ કનેકશનનું ટી.સી લાગી ગયેલ પણ આજદિન સુધી અમારૂં મીટર લાગેલ નથી. અમે બહારગામ રહેતા હોવાથી અમારી વાડીએ અમને જાણવા મળેલ છે કે, કનેકશનનું ટી.સી. પણ ઉતારી નાંખેલ છે.

૧.૩ આ બાબતે અમે મૌખિક તથા લેખિત વાંરવાર રજૂઆત કરેલ છે તો અમોને પૈસા ભરેલ હોવા છતાં અમોને **કનેકશન મળેલ નથી.**

૧.૪ તો આ કનેકશન અમને વહેલાસર મળી જાય તેવી વ્યવસ્થા કરી આપવા નમ્ર વિનંતી.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ ગામ રાજપરા–૨, તા.તળાજા ના ખેડૂત ખાતેદારશ્રી નાગજીભાઈ વીરાભાઈ ધામેલીયા દ્વારા સર્વે નં–૩૨ પૈકી માં ૫(પાંચ) એચ.પી ખેતીવાડી વિજ જોડાણ મેળવવા માટે તા.૨૨/૦૨/૧૯૯૧ ના રોજ રૂા.૧૦૦/– ભરીને વારામાં લેવા માટે નોંધણી કરાવેલ હતી. નવા ખેતીવાડી વિજ જોડાણ મેળવવા માટેની અરજી જે તે સમયે તણસા પેટા વિભાગીય કચેરી ખાતે કરવામાં આવેલ હતી.

૨.૨ અરજીના અનુસંધાને નાગજીભાઈ વીરાભાઈ અને મેઘાભાઈ રવજીભાઈ ગામ–રાજપરા–૨ બંનેનો સર્વે કરી TS No.TPJ/TECH/TS/1418 dtd.20.08.2008 થી D2 Category માં proposed 10 KVA TC તેમજ એલ.ટી.લાઈન ૧૮૦ મીટરનો સર્વે કરવામાં આવેલ હતો.(બિડાણ–૧)

૨.૩ સર્વેના અનુસંધાને નવા ખેતીવાડી વિજ જોડાણનું અંદાજપત્ર નં–૭૩૨૦ તા.૧૯/૦૯/૨૦૦૮ થી શ્રી મેઘાભાઈ રવજીભાઈ ને તેમજ અંદાજપત્ર નં–૭૩૨૧ તા.૧૯/૦૯/૨૦૦૮ થી શ્રી નાગજીભાઈ વીરાભાઈ ને આપવામાં આવેલ હતું. આમ, બંનેને એક સાથે અંદાજપત્ર ભરવા માટે જાણ કરવામાં આવેલ હતી.

૨.૪ જે અંદાજપત્રની રકમ તેઓ બંને દ્વારા તા.૦૮/૧૦/૨૦૦૮ ના રોજ રૂા.૨૩૨૦/– + રૂા.૨૩૨૦/– એક સાથે ત્રાપજ પેટા વિભાગીય કચેરી ખાતે ભરપાઈ કરેલ હતું. જે ત્રાપજ પેટા વિભાગીય કચેરીના જૂના પેડ પેન્ડીગ રજીસ્ટર જોતાં અરજદારે રજૂ કરેલ પુરાવા તેમજ અંદાજપત્ર ભર્યાની પહોંચ નંબર સાથે સુસંગત છે. પેડ પેન્ડીગ રજીસ્ટરની નકલ આ સાથે સામેલ છે. (બિડાણ–૨) તેમજ ટેસ્ટ રીપોર્ટ પણ રસીદ નં–૦૮૧૧૮૫ થી તા.૦૧/૧૧/૨૦૦૯ થી રૂા.૨૦/– ભરેલ છે.

૨.૫ નાયબ ઈજને, ત્રાપજ પેટા વિભાગીય કચેરીના જવાબ મુજબ વાદીશ્રી દ્વારા અંદાજપત્ર ભર્યાની તા.૦૮/૧૦/૨૦૦૮ હતી. જયારે નાગજીભાઈ ના મૃત્યુનો દાખલો જોતા તેઓ તા.૨૭/૦૧/૨૦૦૮ ના રોજ મૃત્યુ પામેલ છે.(બિડાણ–૩) જેથી તે સમયે એગ્રીમેન્ટ થયેલ ન હતું. જેના લીધે સદર કનેકશન નું વિજ જોડાણ આપવામાં આવેલ ન હતું.

૨.૬ આમ, વાદીશ્રી ના કનેકશન માટેનું અંદાજપત્ર વાદીશ્રી ના મૃત્યુ બાદ ભરપાઈ કરવામાં અવોલ હોય જેથી સદર કેસ નામ ફેરફાર નો હોય એમ જણાય આવે છે.

૨.૭ સદર કેસ આશરે ૧૫ વર્ષ જુનો હોય જે જગ્યા પર કનેકશન માંગવામાં આવેલ તે સર્વે નંબર ૩૨ પૈકીમાં નાગજીભાઈ વીરાભાઈ ના પુત્રશ્રી કાનજીભાઈ નાગજીભાઈ ધામેલીયા ને ચેકીગ શીટ નં–૫૧૩૯૭ તા.૨૧/૧૦/૨૦૧૯ થી વિજ ચોરી પેટે બિન ગ્રાહક તરીકે રૂા.૫૪૩૨૬/૮૭ નો વિજ ચોરીનો દંડ આપવામાં આવેલ હતો.

૨.૮ ત્યારબાદ, ફરી વખત નાગજીભાઈ વીરાભાઈ ના પુત્રશ્રી કાનજીભાઈ નાગજીભાઈ ધામેલીયાને ચેકીગ શીટ નં–૪૦૧૫૧ તા.૦૬/૧૦/૨૦૨૦ થી વિજ ચોરી પેટે બિન ગ્રાહક તરીકે રૂા.૧૭,૫૭૪/૪૦ નો વિજ ચોરીનો દંડ આપવામાં આવેલ હતો. આમ, બે વાર પાવર ચોરીમાં પકડાયેલ છે અને વિજ ચોરી પેટે દંડ આપવામાં આવેલ છે જેથી સદર કનેકશન માટે ઉભી કરેલ વિજ લાઈન ઉતારી દીધેલ છે અને તેનો સામાન ત્રાપજ પેટા વિભાગીય કચેરીમાં જમા પણ કરી દેવામાં આવેલ છે.

Consumer Grievances Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૨.૯ આમ, બે વાર પાવર ચોરીમાં પકડાયેલ હોય વાદીશ્રી ના પુત્ર શ્રી કાનજીભાઈ નાગજીભાઈ ધામેલીયા વિરૂધ્ધ તળાજા કોર્ટમાં રેગ્યુલર દિવાની મુકદમા નં–૧૮ સને ૨૦૨૩ થી દાવો દાખલ થયેલ છે.

૨.૧૦ સદર કેસમાં કોર્ટ મેટર હોય તેમજ નાગજીભાઈ વીરાભાઈ મરણ પામેલ હોય તેમજ એગ્રીમેન્ટ થયેલ ન હોય સદર વિજ કનેકશન શરૂ થઈ શકે તેમ નથી.

જે આપ સાહેબની જાણ સારૂ અને યોગ્ય કાર્યવાહી સારૂં.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર શ્રી મયુરભાઈ છગનભાઈ ધામેલીયા દ્વારા તેમના દાદા નાગજીભાઈ વીરાભાઈ ધામેલીયા ના નામનું નવું ખેતીવાડી વિજ કનેકશન ન મળવા બાબતને લઈને ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ આજરોજ તા.૦૩/૦૪/૨૦૨૩ ની રૂબરૂ સુનાવણી દરમ્યાન બંને પક્ષોએ હાજર રહી દસ્તાવેજો રજૂ કરી પોત પોતાની રજૂઆત કરેલ છે.

૩.૩ રજૂ થયેલ રેકર્ડ પરથી જણાય છે કે, વાદી દ્વારા તા.૨૨/૦૨/૧૯૯૧ ના રોજ જરૂરી ચાર્જ ભરી નવા કનેકશનની નોંધણી કરાવેલ. જે અંગે નો સર્વે પ્રતિવાદી દ્વારા ઓગષ્ટ–૨૦૦૮ માં કરવામાં આવેલ અને તેનું અંદાજપત્ર નં – ૭૩૨૧ તા.૧૯/૯/૨૦૦૮ આપવામાં આવેલ જે વાદી દ્વારા તા.૦૮/૧૦/૨૦૦૮ થી ભરપાઈ કરવામાં આવેલ તેમજ ટેસ્ટ રીપોર્ટ પણ પહોંચ નં–૦૮૧૧૮૫ થી તા.૦૧/૧૧/૨૦૦૯ થી રૂા.૨૦/– ભરેલ. વાદી દ્વારા અંદાજપત્ર તા.૦૮/૧૦/૨૦૦૮ ના રોજ ભરપાઈ કરવામાં આવેલ. પરંતુ, વાદી નાગજીભાઈના મૃત્યુનો દાખલો જોતાં તેઓ તા.૨૭/૦૧/૨૦૦૮ ના રોજ મૃત્યુ પામેલ હતા. જેને લઈને પ્રતિવાદી દ્વારા વિજ જોડાણ આપવામાં આવેલ નથી.

૩.૪ સુનાવણી દરમ્યાન રજૂ થયેલ દસ્તાવેજોને ધ્યાને લેતાં ફોરમને માલૂમ પડેલ છે કે, સદરહુ વિજ કનેકશન અંગે પ્રતિવાદીએ રજૂ કરેલ લેખિત જવાબ મુજબ વિવાદ વાળી જગ્યા પરના કનેકશન માં તા.૨૧/૧૦/૨૦૧૯ તથા તા.૦૬/૧૦/૨૦૨૦ ના રોજ પાવર ચોરી પકડાયેલ છે. જેની રકમ ભરપાઈ ન થતાં, જે અંગેનો કેસ નામદાર તળાજા કોર્ટમાં રેગ્યુલર દિવાની કેસ નં–૧૮/૨૦૨૩ થી પડતર છે.

૩.૫ ઉપરોકત સંજોગોમાં વિવાદ વાળું કનેકશન અંગેનો કેસ હાલ નામદાર કોર્ટમાં પેન્ડીગ હોઈ, જીઈઆરસી ના નોટીફીકેશન નં–૨/૨૦૧૯ ના કલોઝ નં–૨.૩૩ ના મુદા નં–૧ મુજબ વાદી ફોરમ ને ફરીયાદ કરવા હકકદાર રહેતો ન હોઈ, વાદીની અરજી દફતરે કરવામાં આવે છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

**—:: હુકમ ::—**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૫ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ—૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન—૩, ત્રીજો માળ, બ્લોક નં—૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ—૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મહેતા)
**સ્વતંત્ર સભ્યશ્રી**

(ગેરહાજર)
**(એન.આઈ.ઉપાધ્યાય)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :— ૦૩/૦૪/૨૦૨૩.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar